**DATE: 03/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-09**

# બોર્ડનું ધો.12ની ફિઝિક્સનીપરીક્ષાઆપીગુમ થયેલી અંકલેશ્વરની સગીરા વડોદરાથી મળી

**અભ્યાસ** બાબતે પરિવાર સતત ટોક ટોક કરતો હતો અને ઓછા માર્ક્સના ડરે ઘર છોડી દીધું હતું, પૈસા ખલાસ થતાં સામેથી સંપર્ક કર્યો

અંકલેશ્વર, ભરૂચઃ અંકલેશ્વરમાં બે દિવસ પહેલા ગુમ થયેલી વિદ્યાર્થિનીને પોલીસે વડોદરાથી શોધી કાઢીને માતા-પિતાને સોંપી હતી. બોર્ડની પરીક્ષા વખતે વાંચનને લઈ માતા-પિતાએ ઠપકો આપતાં તેણે ઘર છોડી દીધું હોવાનું જાણવા મળ્યું છે.

વાલિયા રોડ પર રહેતી અને ધો. 12 વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતી સગીરા બે દિવસ પહેલા બોર્ડની ફિઝિક્સની પરીક્ષા આપવા માટે ગઈ હતી, પરંતુ પરીક્ષા બાદ તે ઘરે પરત ફરી ન હતી. મોડીરાત સુધી પરત નહીં આવતા પરિવારે એ ડિવિઝન પોલીસમાં જાણ કરી હતી. પોલીસે જ્યાંથી સગીરા ગુમ થઈ હતી ત્યાંથી સીસીટીવી ફૂટેજ સહિત ટેક્નિકલ સર્વેલન્સ શરુ કર્યું હતું.

પોલીસ અને પરિવાર શોધી રહ્યો હતો તે દરમિયાન રાત્રે એક વાગ્યે અજાણ્યા નંબર પરથી સગીરાના પિતા પર ફોન આવ્યો હતો અને દીકરી વિષે જાણકારી આપી હતી. ગુમ થયેલી દીકરી મળી હોવાનો મેસેજ મળતા જ પિતા અને માતાની ખુશીનો પાર રહ્યો ન હતો. પરિવાર અને પોલીસ રાતોરાત વડોદરા પહોંચી સગીરાને પરત અંકલેશ્વર લઈ આવી હતી.

દીકરી સાથે પોલીસે વાતચીત કરતા જાણવા મળ્યું હતું કે ઓછા માર્ક્સ આવતા તેમજ પરીક્ષાને લઈ પરિવાર વારંવાર ટોક ટોક કરી રહ્યો હતો. જેને લઈ તે પરીક્ષા આપ્યા બાદ વડોદરા નીકળી ગઈ હતી. ત્યાં રૂપિયા ખલાસ થઈ જતા તેણે અજાણ્યા ઈસમની મદદથી પરિવારનો સંપર્ક કર્યો હતો.

# અંકલેશ્વરમાં બૂટલેગરના ઘરમાંથી દારૂ અને બીયરનો જથ્થો ઝડપાયો

અંકલેશ્વર તા. ૩

અંકલેશ્વરના ગૌતમ પાર્કમાં રહેતા બુટલેગરના ઘરમાંથી પોલીસે દારૂ અને બીયરના ટીન મળી કુલ રૂ.૧૩,૩૩૮ નો જથ્થો ઝડપી પાડી પોલીસે બૂટલેગરની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અંકલેશ્વર એ ડિવિઝન પોલીસના સર્વેલન્સ વિભાગની ટીમે બાતમીના આધારે 'અંકલેશ્વર શહેર ગૌતમ પાર્કમાં રહેતો મિનેશકુમાર દિનેશચંદ્ર મોદી પોતાના રહેણાક ઘરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખી વેચાણ કરે છે'તેવી બાતમીના આધારે રેઈડ કરતા તેના રહેણાંક પરના સ્ટોર રૂમમાંથી જુદા જુદા થેલામાંથી ઈંગ્લીશ દારૂ બિયર ટીન મળી કુલ રૂ.૧૩,૩૩૮ નો મુદામાલ જપ્ત કર્યો હતો.પોલીસે બુટલેગર મિનેશકુમાર દિનેશચંદ્ર મોદીની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 04/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-11**

# કેલોદમાં હાઈટેન્શન વીજલાઈનમાંથી થયેલી વાયર ચોરીનો ભેદ ઉકેલાયો

**ત્રણ** આરોપીઓ ઝડપાયા, અન્ય ત્રણ વોન્ટેડ




ભરૂચઃ ભરૂચ જિલ્લાના કેલોદ ગામની સીમમાંથી પસાર થતી 765 KV હાઈટેન્શન વીજ લાઈનમાંથી ઈલેક્ટ્રિક કેબલ (વીજતાર)ની ચોરી કરનારા ત્રણ આરોપીને ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યા હતા.

કેલોદ કેબલ ચોરી કેસમાં આછોદ ગામના સફવાન પટેલ, કોલવણા ગામના સિરાજ મલેક અને કેશવાણના કરણ વિજય ગોહિલ આ ચોરીમાં સંડોવાયેલા હોવાની ભરૂચ એલસીબી પોલીસને બાતમી મળી હતી. પોલીસની ટીમે ત્રણેય શંકાસ્પદ ઈસમને પકડી કડક પૂછપરછ કરતાં તેઓ ભાંગી પડ્યા હતા અને પોતાના અન્ય સાગરીતો સાથે મળી ચોરી કર્યાની કબૂલાત કરી હતી.

પોલીસે તેમની પાસેથી ત્રણ મોબાઈલ કબજે લઈ આ ગુનાના અન્ય વોન્ટેડ આરોપીઓ રતન, રાજુ અને પંડિતને ઝડપી પાડવા કવાયત હાથ ધરી છે.

**DATE: 04/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### અત્યાર સુધીમાં 11 જણને જેલભેગા કરાયાં

# અંકલે.માં ગોડાઉન ભાડે રાખી દારૂની હેરાફેરીમાં આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ક્રિસ્ટલ ચોકડી 19.23 ના દારૂનું ગોડાઉન પ્રકરણ વધુ એક નેત્રંગ ના બુટલેગર ની પોલીસે ધરપકડ કરી હતી. 4થી જાન્યુઆરી 2024 ના રોજ ભરૂચ એલસીબીની ટીમને બાતમી મળી હતી કે નેત્રંગ તાલુકાના કંબોડિયાનો બુટલેગર અશોક માલી અને લખીરામ ગૌતમ વિદેશી દારૂ મંગાવી ક્રિસ્ટલ ચોકડી પાસે આવેલા પ્લોટ નંબર-4504 ખાતે દારૂનું કટિંગ કરે છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરીને દારૂનો જથ્થો ભરેલી ગોડાઉન ઝડપી પાડયુ હતુ. પોલીસે ગોડાઉન અને ટેમ્પોમાંથી દારૂની બોટલ સહિત કુલ 34.23 લાખના મુદ્દામાલ જપ્ત કાર્ય હતો જે ગુનામાં હવે પેરોલ ફર્લો સ્કોર્ડ પોલીસએ નેત્રંગના કંબોડીયા ખાતે રહેતા રાહુલ માળીને પદ્માવતી નગર સારંગપુર ખાતેથી ઝડપી પાડ્યો હતો. અને રૂલર પોલીસ ને જાણ કરી તેની ધરપકડ કરી જેલભેગા કર્યા હતા. આ પ્રકરણમાં અત્યાર સુધી 11 આરોપી ની ધરપકડ કરાઈ છે.

**DATE: 05/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પ્રસંગમાં જમવાનું પીરસવા બાબતે બબાલ થઈ

# સિગ્નેચર ગેલેરિયા કોમ્પ્લે.માં મારામારી કરનાર 4 ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વર પટેલ નગરમાં રહેતા પ્રિન્સ ઘનશ્યામ પ્રજાપતિ નો જી.આઈ.ડી.સી માં શુભ પ્રસંગમાં જમવાના પીરસવા બાબતની રીસ રાખી ઝઘડો થયો હતો જે ઝઘડા સમાધાન માટે અંકલેશ્વર ની મહાવીર ટર્નિંગ સ્થિત સિગ્નેચર ગેલેરીયા શોપિંગ સેન્ટરમાં પ્રિન્સ પ્રજાપતિને બોલાવ્યો હતો જ્યાં મામલો બિચકતા સુનિલ હરે રામ પાસવાન, આકાશ સોમેશ્વર પ્રજાપતિ અને શિવ રવિ નાયક સહીત એક સગીરે મારામારી કરી હતી આ મારામારીનો વીડિયો વાયરલ થયા બાદ બી ડીવીઝન પોલીસે ગુનો નોંધી ડી માર્ટ પાછળ આવેલ શ્યામ રેસીડેન્સીમાં રહેતો સુનિલ હરે રામ પાસવાન, આકાશ પ્રજાપતિ અને શિવ નાયક સહીત એક સગીર ને ઝડપી પાડી તેઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 06/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

### હોળી -ધુળેટી પર્વને લઈ બૂટલેગરો સક્રિય થયા

# નેત્રંગના પાંચસીમ ગામે ખેતરમાં સંતાડેલો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

નેત્રંગ. તા.૫

હોળી-ધુળેટીના તહેવારને ૮ દિવસનો સમય બાકી રહ્યો છે.નેત્રંગ નગર સહિત તાલુકામા દારૂનો વેપલો કરતા બૂટલેગરો દારૂના જથ્થાનો સંગ્રહ કરવા સક્રિય થયા છે.

## સ્થળ પર બૂટલેગર નહીં મળી આવતા વોન્ટેડ જાહેર કરાયો

એલસીબી ભરૂચના પીઆઈની સુચના મુજબ દારૂ-જુગારની પ્રવૃતિ અટકાવવા સારૂ એલસીબી પોલીસનો સ્ટાફ તા.૪ ના રોજ નેત્રંગ પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલિંગમા હતો.તે સમયે બાતમીના આધારે પાંચસીમ ગામે રહેતો તુષાર વિનોદ વસાવા દારૂનો જથ્થો લાવી ઘરની પાછળ આવેલા ખેતરમા સંતાડેલો હતો.પોલીસે ખેતર જઈ તપાસ કરતા જગ્યા ઉપર કોઈ વ્યક્તિ મળી આવી ન હતી.ખેતરમાં તપાસ કરાતા દારૂની બોટલો મળી આવેલી કુલ રૂ.૯૬,૯૬૦ નો મુદ્દામાલ જપ્ત કર્યા હતો.બૂટલેગર તુષાર વિનોદ વસાવા રહે પાંચસીમ તા.નેત્રંગ જી,ભરૂચને વોન્ટેડ જાહેર કરી તેના વિરૂધ્ધ નેત્રંગ પોલીસ સ્ટેશનમા પ્રોહિબિશનનો ગુનો નોંધી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરેલ છે.

**DATE: 06/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# દારૂના કેસમાં ફરાર આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

કાગદીવાડના બુટલેગર સુજાન ખાન ઉર્ફે સજ્જુ પઠાણ અને તુફેલસલીમ મલેકનો 1.27 લાખનો દારૂ પોલીસે ઝડપી પાડયો હતો. જે તે સમયે સ્થળ પરથી બે આરોપીની ધરપકડ કરાઇ હતી જયારે બુટલેગર સહિતના આરોપીને વોન્ટેડ જાહેર કરાયાં હતાં. આ કેસમાં રાજ મહંમદ નામનો આરોપી ચાર માસથી પોલીસને ચકમો આપી નાસતો ફરતો હતો. આ આરોપીને પોલીસે ઝડપી પાડી જેલભેગો કર્યો છે.

**DATE: 06/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### અંકલેશ્વરમાં તહેવારોને અનુલક્ષી શાંતિ સમિતિની બેઠક મળી

# રમજાન ઈદમાં ગૌવંશની હત્યા નહિ કરવા પોલીસતંત્રની તાકીદ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

રમજાન ઈદ તથા હોળી- ધુળેટીના પર્વની કોમી એખલાસ ભર્યા માહોલમાં ઉજવણી થાય તે માટે અંકલેશ્વરમાં શાંતિ સમિતિની બેઠક મળી હતી. અત્યારે મુસ્લિમ સમાજનો પાક રમજાન માસ ચાલી રહયો છે જયારે આગામી દિવસોમાં હીંદુ સમાજના હોળી- ધુળેટીના તહેવાર આવી રહયાં છે. બંને કોમના તહેવારો શાંતિપૂર્ણ માહોલમાં ઉજવાય તે માટે માટે શાંતિ સમિતિની બેઠક બોલાવવામાં આવી હતી. એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે મળેલી બેઠકમાં પીઆઈ ચાવડા, પાલિકા પ્રમુખ લલીતા રાજપુરોહિત, શહેર ભાજપ પ્રમુખ ધર્મેન્દ્ર પુષ્કર્ણા સહિતના આગેવાનો હાજર રહયાં હતાં. તહેવારો દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે રીતે શાંતિપૂર્ણ માહોલમાં પર્વની ઉજવણી કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.ખાસ કરીને ધાર્મિક લાગણી ન દુભાઈ તેવી પોસ્ટ સોશિયલ મિડિયામાં ન મુકવામાં આવે તેનું ધ્યાન રાખવા તાકીદ કરાઈ હતી. આ ઉપરાંત રમઝાન ઈદમાં ગૌવંશની કતલ ન થાય તે જોવા મુસ્લિમ બિરાદરોને તાકીદ કરવામાં આવી હતી.

**DATE: 06/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પ્રશાંત એન્ટરપ્રાઇઝ સામે કાર્યવાહી કરાઇ

# શ્રમિકોની નોંધણી ન કરાવનારા કોન્ટ્રાક્ટરની વિરુદ્ધ ફરિયાદ થઈ

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં કામદારોનું પોલીસ વેરિફિકેશન નહિ કરાવનાર એક લેબર કોન્ટ્રાક્ટર સામે ગુનો નોંધાયો હતો. મળતી વિગતો મુજબ ઝઘડિયા જીઆઈડીસી પીએસઆઈ પી.કે.રાઠોડના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફજીઆઈડીસી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન વેલસ્પુન કંપનીમાં પ્રશાંત એન્ટરપ્રાઈઝના નામે કોન્ટ્રાક્ટથી ફરજ પર મુકેલ ૫૫ કામદારો પૈકી 12 કામદારોનું પોલીસ વેરિફિકેશન નહિ કરાવ્યું હોવાનું તપાસ દરમિયાન જણાયું હતું. જેથી જમાદાર હસમુખભાઈએ ઈન્ચાર્જ સંતોષ જ્વાલાપ્રસાદ શર્મા (હાલ રહે.તુલસીધામ અમરકુંજ સોસાયટી ભરૂચ) વિરુધ્ધ પોલીસ મથકમાં ફરિયાદ નંધાવવામાં આવી હતી.આ ઘટનાને લઈને ઝઘડિયા જીઆઈડીસીમાં કામદારો મુકી પોલીસ વેરિફિકેશન નહિ કરાવતા લેબર કોન્ટ્રાક્ટરોમાં ફફડાટ ફેલાયો હતો.

**DATE: 07/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-11**

# અંકલેશ્વરમાં મોપેડ પર વિદેશી દારૂની ખેપ મારતા બે ઈસમોની ધરપકડ કરાઈ

**અંકલેશ્વર**

અંકલેશ્વર શહેર એ ડીવીઝન પોલીસે હસ્તી તળાવ પાસેથી મોપેડ ઉપર વિદેશી દારૂનો જથ્થો લઈ જતા બે ઈસમોને ઝડપી પાડ્યા હતા અંકલેશ્વરના રામ નગરમાં રહેતો તમીલ સેલવાન રામાસામી આમ્બલાકારણ અન્ય એક ઈસમ સાથે એક્સેસ મોપેડ ઉપર વિદેશી દારૂનો જથ્થો લઈ ચૌટાનાકા તરફ આવી રહ્યો છે. જેવી બાતમીના આધારે અંકલેશ્વર શહેર એ ડીવીઝન પોલીસે હસ્તી તળાવ પાસે વોચ ગોઠવી હતી.તે દરમિયાન બાતમી વાળી મોપેડ આવતા પોલીસે તેને અટકાવી તપાસ કરતા વિદેશી દારૂના પાઉચ નંગ ૭૨ બોટલ મળી કુલ ૭ હજારથી વધુના મુદ્દામાલ સાથે બુટલેગર તમીલ સેલવાન રામાસામી આમ્બલાકારણ અને મયુરકુમાર વસાવાને ઝડપી પાડ્યો હતો.

# ટીમલા ગામે આંકડાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

નેત્રંગ: નેત્રંગ પોલીસ ખાનગી વાહન મારફત પેટ્રોલિંગમાં હતા. એ સમયે બાતમી મળી કે ટીમલા ગામના નિશાળ ફળિયામાં રહેતો અને મૂળ નેત્રંગના મચામડી ગામના વડ ફળિયા ખાતે રહેતો જયેન્દ્ર અરવિંદ વસાવા (ઉ.વ.૨૪) પોતાના ઘરની બાજુમાં આવેલી ખુલ્લી અડાળીમાં નીચે બેસીને આંક ફરકનો આંકડાનો જુગાર રમાડી રહ્યો છે. જે બાતમી મુજબ રેડ કરતાં કેટલાક ઇસમો કંઇક લખાવતા હતા. પોલીસની રેડ જોઈ તમામ ભાંગી ગયા હતા. જ્યારે આંકડા લખનાર જયેન્દ્ર ભાગવા જતાં તેને પોલીસે ઝડપી લીધો હતો. જેની પાસે આંકડા લખવાની બુક, એક બોલપેન, કાર્બન પેપર મળી આવ્યા હતા. જ્યારે અંગજડતી તેમજ લખેલા આંકડા રોકડા રૂ.૬૧૦ના મુદ્દામાલ સાથે તેની સામે જુગાર ધારા એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**DATE: 07/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-12**

### દહેજ સુવા ચોકડી પરથી હથિયાર રાખવાનો શોખ રાખનાર


# પરપ્રાંતીય ઈસમ તમંચો અને બે જીવતા કારતૂસ સાથે ઝડપાયો

## હથિયાર પોતાના વતન બિહારથી લાવ્યો હોવાની કબૂલાત કરી

। ભરૂચ ।

ભરૂચ જિલ્લાના દહેજની સુવા ચોકડી પરથી દહેજ પોલીસ સ્ટાફે હથિયાર રાખવાનો શોખ રાખનાર એક પરપ્રાંતિય વ્યકિતને ઝડપી પાડયો હતો. પોલીસે તેની પાસેથી એક દેશી હાથ બનાવટનો તમંચો (અગ્નિશસ્ત્ર) તથા બે જીવતા કારતુસ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દહેજ પોલીસ ઈન્સ્પેકટર એચ.બી.ઝાલાની સુચનાથી સર્વેલન્સ સ્ટાફના માણસો દહેજ પોલીસ સ્ટેશનના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સર્વેલન્સ સ્ટાફને માહિતી મળી હતી કે, દહેજ ભરૂચ હાઈવે પર આવેલી સુવા ચોકડી નજીક બિહારનો એક ઈસમ ઈન્દ્રજીત ચૌધરતી તેના પેન્ટના નેફામાં ગેરકાયદેસર દેશી હાથ બનાવટની તમંચો (અગ્નિશસ્ત્ર) હથિયાર પોતાની સાથે રાખી ફરે છે.



પરપ્રાંતિય પાસેથી મળી આવેલો તમંચો અને કારતૂસ નજરે પડે છે.

જે માહિતીના આધારે પોલીસ ટીમે માહિતીના આધારે ઈન્દ્રજીત સુખારી ચૌધરીને ઝડપી પાડયો હતો. પોલીસે તેની ઝડતી તપાસ કરતા એક દેશી હાથ બનાવટનો તમંચો નંગ ૧, તથા ૨ જીવતા કારતુસ સાથે મળી આવ્યા હતા. પોલીસે તેની કડક પુછતાછ કરતા તેણે જણાવ્યુ હતુ કે, તેને હથિયાર રાખવાનો શોખ હોવાથી પોતાના વતન બિહારથી લાવ્યો હતો. આ મામલે પોલીસે કુલ ૧૦,૨૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે તેના વિરૂધ્ધમાં ધી આર્મ્સ એટક (૧૯૫૯)ની કલમ ૨૫(૧-બી) એ, તથા જી.પી. એકટ કલમ ૧૩૫ મુજબ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# અંકલેશ્વરની લાયન્સ સ્કૂલમાંથી ચોરી કરનારી નેપાળી ગેંગ સુરતથી ઝડપાઈ




અંકલેશ્વર: ગત તા.1લી માર્ચના રોજ અંકલેશ્વરની લાયન્સ સ્કૂલના એડમિન રૂમની તિજોરીમાંથી રૂ.80 હજારની રોકડ ચોરી થઈ હતી. આ રકમ શાળાના ક્લાર્ક ભરત સોનવણેએ ધો.1થી 9ના વિદ્યાર્થીઓના ફોટોશૂટ માટે મૂકી હતી. આ ચોરી અંગે અંકલેશ્વર જીઆઇડીસી પોલીસે ગુનો નોંધાવતા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન ભરૂચ એલસીબી પોલીસે સુરતના પાંડેસરા વિસ્તારમાં રહેતા ચાર આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પકડાયેલા આરોપીઓમાં ભગવતી નગરના અનિલકુમાર ચંદેકામી બીક, હિતેશ રૂપસિંગ વિશ્વકર્મા, ભીમ રતિ દાસ અને અમન ધનબીરે બીસ્ટનો સમાવેશ થાય છે.

DATE: 08/03/2025 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-05

# જોલવામાં ભાડુઆતની નોંધણી ન કરતાં મકાનમાલિક સામે ગુનો દાખલ

ભરૂચ: દહેજ પોલીસ તેમના કાર્યક્ષેત્ર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. એ વખતે જોલવા ગામે આવેલી સંસ્કાર એવન્યુ સોસાયટીમાં ચેકિંગ દરમિયાન મકાન નં-એ/2 ભાડુઆત તરીકે મજૂરી કરતો અકીબ જાવેદ પરવેજ અહમદ (ઉં.વ.31) (મૂળ રહે.,છત્તીસગઢ) તેમના મકાનમાલિક શોભા ફલારામ દેવાસીને 10 હજાર દર મહિને ભાડું આપતો હતો. જોલવા રહેતા મકાનમાલિકે આજ દિન સુધી પોલીસને આઈડી પ્રૂફ અને ફોટા સ્થાનિક પોલીસને નોંધાવી ન હતી. જે બાબતે દહેજ પોલીસે મકાનમાલિક સામે નોંધણી ન કરાવીને ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટના જાહેરનામાના ભંગ બદલ ગુનો નોંધ્યો હતો.

# સગીરાને રાજકોટ-મોરબી લઈ જઈ દુષ્કર્મ કરનાર યુવકને ઝડપી પાડ્યો

ભરૂચ તા.૭

ભરૂચ શહેરના એક વિસ્તારમાં આવેલી ઝૂંપડપટ્ટીમાં રહેતી સગીરાને યુવકે ભગાડી લઈ જઈ રાજકોટ અને મોરબી લઈ જઈ સગીરા સાથે દુષ્કર્મ આચર્યુ હતુ.જે અંગે પોલીસે બંનેને શોધી કાઢી બળાત્કાર અને પોક્સોના ગુના હેઠળ બંનેનું મેડિકલ પરીક્ષણ કરાવવા અંગે કવાયત હાથ ધરી હતી.

## પોલીસે બંનેના મેડિકલ પરીક્ષણ અંગે કાર્યવાહી હાથ ધરી

મળતી માહિતી મુજબ ફરિયાદીના પત્ની બીમાર હોવાથી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા.તે સમયે તા.૨ માર્ચના રોજ ઘરેથી સગીરા ગુમ થઈ હોવાની જાણ થતાં પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.જ્યારે ફરિયાદીએ સગા સંબંધીને ત્યા પણ તપાસ કરી પરંતુ સગીરા મળી આવી ન હતી.

જ્યારે વધુ તપાસ કરતા અલ્પેશ ધીરુભાઈ ચારોલીયા ઉંમર વર્ષ ૨૫ પણ ઘરમાંથી ગુમ હતો.તે ભગાડી ગયા હોવાની શંકાએ ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદના આધારે સગીરાને ભગાડી જનારની શોધખોળ કરતા બંને રાજકોટ મોરબીથી મળી આવ્યા હતા. સગીરા સાથે અલ્પેશ ચારોલીયાએ દુષ્કર્મ આચર્યુ હોવાની પ્રાથમિક માહિતી મળતા પોલીસે આરોપી સામે દુષ્કર્મ અને પોકસો અને એટ્રોસિટીની કલમનો ઉમેરો કરવા સાથે બંનેના મેડિકલ પરીક્ષણ કરાવવાની કવાયત કરવામાં આવી છે.

### રૂા.6.64 લાખનો મુદ્દામાલ કબ્જે કરાયો

# અંક્લેના બેઈડ ઈન્ડસ્ટ્રિઝમાંથી લોખંડની ચોરીમાં 6ની ધરપકડ

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

અંક્લેશ્વરના પાનોલી જીઆઈડીસી માં બંધ પડેલ બેઈડ ઈન્ડસ્ટ્રીઝ માંથી લોખંડ ના વિવિધ ભંગાર ની થયેલ ચોરી માં ભરૂચ એલસીબી. પોલીસે અંસાર માર્કેટ ના 6 ઈસમો ની ધરપકડ કરી લોખંડ ના ભંગાર નો જથ્થો અને બોલેરો પીકઅપ તેમજ મોબાઈલ મળી રૂપિયા 6 લાખ 64 હજાર નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસે પીકપ ગાડી માં સવાર ઈસમો પાસે ભંગાર ના જથ્થા અંગેની બિલ અને આધાર પુરાવા માંગતા તેઓ એ રજુ ન કરી સંતોષકારક જવાબ નહિ. આપતા એલસીબી પોલીસે અંસાર માર્કેટમાં રહેતા અલ્લાઉદ્દીન જલીલ કુરેશી, સંતોષ જગપ્રસાદ, શેફ શકીલ ખાન, મુબારકઅલી ઝુલ્ફીકાર અલી ખાન, રણજીત અમરનાથ ભારતી અને સુરેશ ભારતી ની અટકાયત કરી રૂપિયા 1 લાખ 38 નો લોખંડ ના ભંગાર નો જથ્થો બોલેરો પીકઅપ, મોબાઈલ અને રોકડા મળી 6 લાખ 64 હજાર નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

**DATE: 09/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# રૂ.૧.૩૩ કરોડના ડ્રગ્સ કેસમાં બે વર્ષથી નાસતો ફરતો આરોપી સુરતથી ઝડપાયો

ભરૂચ તા.૮

ભરૂચ એસ ઓ જી પોલીસે રૂ.૧.૩૩ કરોડના ડ્રગ્સ કેસમાં બે વર્ષથી ફરા આરોપીને સુરતથી ઝડપી પાડ્યો હતો.

## ભરૂચની ઝાડેશ્વર ચોકડી પાસેથી ડ્રગ્સનો જથ્થો ઝડપાયો હતો

ભરૂચના એસપીના માર્ગદર્શન હેઠળ ફરાર વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવાની કવાયત એસ.ઓ.જી .ની ટીમ ધ્વારા હાથ ધરી હતી.જેમાં તા.૩ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ ભરૂચની ઝાડેશ્વર ચોકડી પાસેથી એસઓજીએ ૧,૩૩૪.૧૫૦ કિલોગ્રામ માદક પદાર્થ ઝડપ્યો હતો.

જેમ આરોપી જીત બહાદુર સિંહ ઉર્ફે ઠાકોર સૂર્યનારાયણ સિંહ યુપીથી માદક પદાર્થ મંગાવી સુરતમાં તેનું ગેરકાયદે વેચાણ કરતો હતો.પોલીસથી બચવા માટે તે વિવિધ રાજ્યોમાં નાસતો ફરતો હતો.પોલીસે બાતમીના આધારે આરોપીને સુરતથી ઝડપી પાડ્યો હતો.આરોપી મૂળ ઉત્તર પ્રદેશના અયોધ્યા જિલ્લાના મહારઈ મોહમ્મદપુર ગામનો વતની છે.આ કેસમાં એન ડી પી એસ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો.ભરુચ એસ.ઓ જી.ની ટીમે હાલ આરોપીને સુરતથી ઝડપી લીધો છે.

### ભૃગુઋષિ બ્રિજ પાસેથી પોલીસે પકડ્યો

# મહિલા બૂટલેગરને દેશીદારૂ આપવા જતો ખેપિયો ઝબ્બે

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ એ ડિવિઝન પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, એક્સેસ મોપેડ પર વિદેશીદારૂની ખેપ મારનાર શખ્સ ભૃગુઋષિ બ્રિજ પાસેથી પસાર થનાર છે. જેના પગલે ટીમે ભૃગુઋષિ બ્રિજ પાસે વોચ ગોઠવી હતી. દરમિયાનમાં બાતમી મુજબની મોપેડ આવતાં ટીમે તેને અટકાવી તપાસ કરતાં તેની પાસે મોપેડમાં આગળ બે કાપડના થેલામાં અને ડેકીમાં મળી કુલ 50 બમ્પર ભરીને દેશીદારૂ મળી આવ્યો હતો. પોલીસે કુલ 10 હજારની મત્તાનો દેશીદારૂનો જથ્થો તેમજ એક મોબાઈલ તથા મોપેડ મળી કુલ 65 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેનું નામ પુછતાં સુરેશ ગોકુલ વસાવા ( રહે. મોદી ફળિયુ, નવા કાંસિયા, અંક્લેશ્વર) હોવાનું માલુમ પડ્યું હતું. તેમજ તે ભરૂચના જૂનીવાડી વસંતમીલની ચાલ વિસ્તારમાં રહેતી કંકુ વસાવાને તે દેશીદારૂનો જથ્થો આપવા જઈ રહ્યો હોવાની કબુલાત કરી હતી.

**DATE: 09/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT MITRA PAGE-07**

# ભરૂચ પોલીસે 5 વર્ષથી ફરાર જસવંત બિશ્નોઇને જોધપુરથી ઝડપી પાડ્યો



ભરૂચ\R: ભરૂચ જિલ્લા પોલીસે દહેજ મરીન પોલીસ સ્ટેશનના ગુનામાં છેલ્લા પાંચ વર્ષથી ફરાર આરોપી જસવંત સુનીલ બિશ્નોઇની ધરપકડ કરી છે. આરોપી હાલ રાજસ્થાનના જોધપુર જિલ્લામાં રહેતો હતો, જ્યાંથી તેને પકડવામાં આવ્યો છે. ભરૂચ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ પેરોલ ફર્લો સ્ક્વોડે આ આરોપીને પકડવા ઝુંબેશ ચલાવી હતી. પોલીસ ટીમે હ્યુમન સોર્સ અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી આરોપીની ચોક્કસ સ્થિતિની માહિતી મેળવી હતી. આ માહિતીના આધારે પોલીસ ટીમ જોધપુર જિલ્લાના રૂડકલી ગામમાં પહોંચી અને આરોપીને ઝડપી પકડ્યો હતો.